**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૪.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૩૫ ટકા

# ગ્રીનસીટી : વેરામાં બમણા અને સગવડોમાં શૂન્ય

## પાર્કિંગની સમસ્યા સાથે અવ્યવસ્થિત રોડનો પ્રશ્ન

**અમારૂ સેકટર અમારી સમસ્યા**
સંકલન
મોનિકા ઠક્કર



ગાંધીનગર, તા.૧૩
અમારા સેકટરમાં મકાનો તેટલી જ દુકાનો હોવાથી થતી અવ્યવસ્થા, પાર્કિંગની અસુવિધા, તુટેલા રોડ જેવી સમસ્યાઓ દિન પ્રતિદિન ઘેરી બનતી જાય છે. ઉપરોકત શબ્દો સે-૨૬ ગ્રીનસીટીના અગ્રણીઓના છે. ગાંધીનગર સમાચારે સે-૨૬ ગ્રીનસીટીની મુલાકાત લેતા સેકટરની સમસ્યાઓ અંગે વસાહતીઓએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

સે-૨૬ ગ્રીનસીટીની મુખ્ય સમસ્યાઓમાં પાર્કિંગની અસુવિધા તથા અવ્યવસ્થા, જીઆઈડીસી તથા મહાનગરપાલિકા બંને દ્વારા વસુલાતો કર, એફઆઈએ ભવનની મુલાકાત લેતા તથા ત્યાં કાર્ય કરનારા દ્વારા પાર્કિંગ કરતા રસ્તો બ્લોક થવો, સોસાયટીની અંદર બનેલા રોડનું ભંગાણ, અવ્યવસ્થિત રોડનું લેવલીંગ, કોમર્શિયલ શોપીંગમાં ચાલતી ગેરકાયદેસર





હોસ્ટેલ, રહેણાંક વિસ્તારમાં શોપીંગ અને દુકાનો હોવાથી થતું વોઈસ પોલ્યુશન, કોમન ગાર્ડનનો અભાવ, ધારાસભ્ય કે સંસદસભ્યો પાસેથી ગ્રાંટની ફાળવણી થતી નથી, બેવડો ટેકસ વસુલાય છે પણ ગ્રીનસીટીની મુસીબત સમયે કોઈ વહારે આવતું નથી તે છે. ત્યાંના રહેવાસીઓના કહ્યા મુજબ મહાનગરપાલિકામાં અગણીત અરજી, જીઆઈડીસીના ચેરમેનની મુલાકાત, અમિત શાહને સમસ્યા સંદર્ભે પત્રો લખ્યા હોવા છતાં કોઈ જ પગલા લેવાતા નથી જો ગ્રીનસીટીના રહેવાસીઓને ભોગવવી પડતી સમસ્યા અંગે કોઈ પગલા ન લેવાયા તો તેમના દ્વારા આવનાર ચૂંટણીનો બહિષ્કાર કરવાની સાથે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની તૈયારી બતાવવામાં આવી છે.

● ગાંધીનગરના ૩૦ સેકટરોમાંથી અમારું સે-૨૬ ગ્રીનસીટીમાં અનોખી ભાઈચારાની પહેલ છે. અમારું સેકટર ઘણી સમસ્યાઓથી પીડિત છે. જેમાં મુખ્ય સમસ્યા ટ્રાફિક અને ગાર્ડન છે. જીઆઈડીસીના ચેરમેન અને કોર્પોરેટરનો રજૂઆત કરી ત્યારે તેમણે ૨૦ દિવસમાં ગાર્ડન બનાવવાની મૌખિક બાંહેધરી આપી હતી એ વાતને આજે ૯ મહિના થઈ ગયા હોવા છતાં કોઈ પગલાં લેવાયા નથી. આવી અનેક સમસ્યાઓની રજુઆત અમે મહાનગરપાલિકામાં કરી છે. જો સમસ્યાઓ અંગે કોઈ પગલા ન લેવાયા તો અમે ચૂંટણીનો બહિષ્કાર કરી ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરીશું.



**- નિલેશ શર્મા**

● ગાંધીનગરનું છેવાડાનું સેકટર હોવાથી બેવડા વેરા ભરવા પડે છે. છતાંય અમારી સમસ્યા અંગે કોઈ ધ્યાન આપતું નથી. આજુબાજુના ગામોનો મહાનગરમાં સમાવેશ થઈ ગયો પરંતુ સે-૨૬ ગ્રીનસીટીને નહીં ગ્રામ્ય કે નહીં શહેર એવી સ્થિતિમાં છોડી દીધું છે. પીવાના પાણીની તકલીફ હોવા છતાં જીઆઈડીસી પોતાના જ ફાયદા માટે ગાર્ડન અને બીજી જગ્યામાં પ્લાન્ટીંગ કરી પોતાની કમાણી કરવામાં રસ રાખે છે. વસાહતીઓની કોઈ પણ સમસ્યા ઉકેલવામાં જીઆઈડીસી કે મહાનગરપાલિકાને રસ નથી. અને જો ગાંધીનગર મહાનગરપાલિકા ટેકસ વસુલે જ છે તો ગ્રીનસીટીનો જીએમસીમાં સમાવેશ કરવા અમારી માંગ છે.



**- નરેશભાઈ પટેલ**

## બીજા સેકટરો જેવી સુવિધા પ્રાપ્ત થાય તેવી સે-૨૬ ગ્રીનસીટીના રહેવાસીઓની માંગ

# આરટીઓ કચેરી ખાતે ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર વધુ એક કાર ચાલકે કાબુ ગુમાવ્યો

ગાંધીનગર શહેરની આરટીઓ કચેરી ખાતે રાજયમાં સૌ પ્રથમવાર ડ્રાઈવીંગ ટેસ્ટ માટે ટ્રેક તૈયાર કરાયો છે. પ્રારંભિક તબક્કામાં ટ્રેક પરથી વાહનો નીચે પડવાના કિસ્સા વધુ જોવા મળતા હતા. ત્યારબાદ ડ્રાઈવીંગ ટેસ્ટ માટે આવતા ઉમેદવારો યોગ્ય પ્રેકટીસ કરીને આવવા માટે સુચન કરાયું હતું. તે ઉપરાંત આરટીઓ કચેરી ખાતે ટ્રેક અંગે માહિતી આપતો વિડીયો દેખાડવામાં આવતો હતો. ત્યારબાદ અકસ્માતની સંખ્યામાં નોંધનીય ઘટાડો જોવા મળ્યો હતો. ત્યારે આજે કાર ચાલક ટ્રેક ઉપર ટેસ્ટ આપીને બહારની સાઈડ આવી રહ્યા હતા તે સમયે અચાનક પગ બ્રેકની સ્થાને એકસીલેટર પર જતા રહેતા કાર ટ્રેકના ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ બનાવને પગલે ટ્રેક તેમજ કારને ભારે નુકશાન થવા પામ્યું હતું. પરંતુ આ અકસ્માતમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. આ બનાવને પગલે આરટીઓ કચેરીએ કામઅર્થે આવેલા નાગરીકો ટોળે વળ્યા હતા.



## રવિવારે હવેલી મંદિર ખાતે ૨૮મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૩
હવેલી મંદિર સે-૨૧ ખાતે ૨૮મો પાટોત્સવ તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ યોજાશે. જેમાં મંગળા સવારે ૮ થી ૮.૩૦, શણગાર (પલના) દર્શન સવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦ તથા નંદમહોત્સવ, રાજભોગ-ખેલ તથા તિલકના દર્શન બપોરે ૧૨ થી ૧૨.૩૦ વાગ્યે યોજાશે તથા સાંજનો સમય યથાવત રહેશે. સર્વે વૈષ્ણવોને આ કાર્યક્રમનો લાભ લેવા સંસ્થાના ઉપપ્રમુખ જશવંત ગાંધી દ્વારા જણાવાયું છે.

# ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની પ્રેકટીકલ પરીક્ષાના ગુણ ઓનલાઈન ભરવા જોગ

ગાંધીનગર, તા. ૧૩
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજયની તમામ વિજ્ઞાનપ્રવાહની શાળાને પરીક્ષા નાયબ નિયામક જે.જી. પંડ્યા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, વિજ્ઞાનપ્રવાહ ધો. ૧૨ના પરીક્ષાર્થીઓની શાળાકક્ષા પ્રાયોગિક વિષય કમ્પ્યુટરની પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઈટ gseb.org અથવા gsebpractical.in અથવા scischool.gsebpractical.in પરથી જે તે શાળા દ્વારા ઓનલાઈન તા. ૧૪ ફેબ્રુઆરીથી તા. ૪ માર્ચ દરમ્યાન ભરવાના રહેશે. તથા બોર્ડકક્ષાના પ્રાયોગિક વિષય રસાયણ, ભૌતિક અને જીવવિજ્ઞાનની પરીક્ષાના ગુણ તા. ૧૪ ફેબ્રુઆરીથી તા. ૨૪ ફેબ્રુઆરી સુધીમાં ઓનલાઈન બોર્ડની વેબસાઈટ gseb.org અથવા gsebpractical.in અથવા scicenter.gsebpractical.in પરથી ગત વર્ષની જેમ જ ભરવાના રહેશે. જેની વિજ્ઞાન પ્રવાહના પ્રાયોગિક પરીક્ષાના સ્થળ સંચાલકોને નોંધ લેવા તથા આ બાબતે કોઈપણ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાનપ્રવાહ શાખાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# ''સાયનેપ્સ-૨૦૨૦''માં શાલ્મલી, ન્યુક્લિયા અને અમિત ત્રિવેદી ધૂમ મચાવશે

## ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત કરાતા વાર્ષિકોત્સવમાં ૨૫ થી વધુ સ્પર્ધાઓ માટે રૂ. ૮ લાખ સુધીના ઈનામો

ગાંધીનગર, તા. ૧૩
ગાંધીનગરના ઈન્ફોસિટી વિસ્તારમાં સ્થિત ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી-ડીએઆઈઆઈસીટી ખાતે આગામી તા. ૨૦ થી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન વાર્ષિકોત્સવ ''સાયનેપ્સ''-૨૦૨૦'' ઉજવાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત અને સંચાલિત આ મેગા ઈવેન્ટમાં અનેક સ્પર્ધાઓ, સાંસ્કૃતિક અને રચનાત્મક પ્રવૃત્તિઓ વગેરે સાથે મનોરંજક કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા છે જે અંતર્ગત યુવા વર્ગમાં લોકપ્રિય કલાકારો શાલ્મલી કોલ્ગડે, ન્યુક્લિયા અને અમિત ત્રિવેદી વગેરેના લાઈવ પરફોર્મન્સ યોજાશે.

''સાયનેપ્સ-૨૦૨૦''નો પ્રારંભ તા. ૨૦મી ફેબ્રુઆરીએ સાંજે ૭.૫૫ કલાકે થશે. સાયનેપ્સમાં ૨૫ થી વધુ વિવિધ ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીઓ ૮ લાખના ઈનામો જીતી શકશે. સાયનેપ્સમાં તા. ૨૧મી ફેબ્રુઆરીએ બૉલીવુડની જાણીતી ગાયિકા યે જવાની હૈ દિવાની, સુલતાન અને બેઝુબા ઈશ્ક ફેઈમ શાલ્મલી ખોલ્ગડેની લાઈવ કોન્સર્ટ યોજાશે. તા. ૨૨મી




ફેબ્રુઆરીએ ''ન્યુક્લિયા'' તરીકે જાણીતા ઉદયન સાગર જેઓ ''લોંગ ગવાચા'' અને ''તમિલ ફિવર'' જેવા ગીતો થકી યુવા વર્ગમાં જાણીતા છે તેમનું લાઈવ પરફોર્મન્સ યોજાશે જયારે સાયનેપ્સના અંતિમ દિવસે તા. ૨૩મી ફેબ્રુઆરીએ સાંજે હિન્દી ફિલ્મ જગતના અત્યારના જાણીતા સંગીતકાર ''નમો નમોજી શંકરા'' અને ''નૈના દા ક્યા કસુર'' તેમજ ''લવ યુ જીંદગી'' ફેઈમ અમિત ત્રિવેદીની લાઈવ કોન્સર્ટ ધૂમ મચાવશે.

સાયનેપ્સ-૨૦૨૦માં ભાગ લેનારા વિદ્યાર્થીઓ વિવિધ શૈક્ષણિક, બૌદ્ધિક, રચનાત્મક, સાંસ્કૃતિક, સંગીત કલા તેમજ ટેકનોલોજીને આધારિત સ્પર્ધાઓમાં હરિફાઈ કરશે.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**
**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેકડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન** - ૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -3** - ૭.૦૦
**તાન્હાજી** - ૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**
**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેકડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-3**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**
**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેકડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-3**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**
**મલંગ**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**તાન્હાજી** - ૯.૩૦
**શિકારા**
૧૨.૩૦, ૧૦.૦૦
**હેકડ** - ૩.૦૦, ૭.૪૫
**જવાની જાનેમન** - ૧૨.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૫.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૬.૩૦
**સ્ટ્રીટ ડાન્સર** -૩.૩૦, ૯.૩૦

## રવિવારે ડૉ. રશ્મિકાન્ત મહેતાના ગ્રંથ ''અમર વારસો''નું લોકાર્પણ

શહેરના જાણીતા વરિષ્ઠ લેખક-વિવેચક-સંશોધક પ્રો. ડૉ. રશ્મિકાન્ત મહેતાની 'ગાંધીનગર સમાચાર' દૈનિકમાં આવતી સાપ્તાહિક કોલમ 'અમર વારસો'ના ધાર્મિક-સાંસ્કૃતિક લેખોનો સંગ્રહ ગ્રંથરૂપે પ્રગટ થઈ રહ્યો છે. ''અમરવારસો'' ગ્રંથનું લોકાર્પણ આગામી તા. ૧૬મી ફેબ્રુઆરી, રવિવારના રોજ સાંજે ૪ કલાકે સેક્ટર-૧૫માં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશનના સેન્ટ્રલ હોલ ખાતે સુવિખ્યાત કવિ-લેખક તથા માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જ્હાના હસ્તે કરવામાં આવશે. ''અમર વારસો'' ગ્રંથના લોકાર્પણ પ્રસંગે આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે શહેરના સાહિત્યસર્જકો, ભાવકો અને વાંચન રસિકોને ઉપસ્થિત રહેવા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જ્હા તથા ''અમરવારસો''ના લેખક ડૉ. રશ્મિકાન્ત મહેતા દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રવિવારે ઉદ્‌ગમ દ્વારા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠના વક્તવ્યનું આયોજન

ગાંધીનગર, તા. ૧૩
સામાજીક કાર્યો કરવા માટે અગ્રેસર રહેતી સંસ્થા ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાષ્ટ્રવાદના વિચારને સંવર્ધન આપવા અર્થે તા. ૧૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ વાગ્યે રાષ્ટ્રવાદના પ્રખર વિચારક અને વક્તા પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ અને જ્ઞાન ફાઉન્ડેશનના પ્રમુખ દિપક ગોસ્વામીજીનું વકતવ્ય યોજાશે. સે. ૨૩ સ્થિત ખીમજી વિશ્રામ હોલ ખાતે યોજાનાર આ નિઃશુલ્ક કાર્યક્રમમાં શહેરીજનોને હાજર રહેવા સંસ્થા દ્વારા જણાવાયુ છે.

## વૈષ્ણવોને વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનમાં જોડાવવા અપીલ

ગાંધીનગર, તા.૧૩
યુવા વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયના માર્ગદર્શન અને આર્શીવાદથી દેશ અને વિદેશમાં વસતા પાંચ કરોડ વૈષ્ણવ પરિવારોને સંગઠીત કરવાનું ભગીરથ અભિયાન શરુ કરવામાં આવ્યું છે.

જેના ભાગરૂપે ગાંધીનગરમાં પણ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન (વીવાયઓ) સંસ્થા શરુ કરવામાં આવી છે. સંસ્થાના પ્રભારી જશવંત ગાંધી અને પ્રમુખ ડૉ. પ્રદિપ ગગલાણીએ શ્રીકૃષ્ણમાં પ્રેમ અને આસ્થા ધરાવતા દરેક જ્ઞાતિના ભાઈ-બહેનો અને યુવકો કે જે ધર્મસેવા, માનવસેવા અને રાષ્ટ્રસેવાની પ્રવૃત્તિઓ કરવા ઉત્સુક હોય તેમને આ સંસ્થામાં જોડાવા માટે હવેલી મંદિર સે-૨૧-ગાંધીનગરનો સંપર્ક કરવા સંસ્થાના પ્રભારી જશવંત ગાંધી દ્વારા જણાવાયું છે.

# પહેલા શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ, પછી વેલેન્ટાઈન્સ ડે ઉજવીએ

ગાંધીનગર, તા. ૧૩
ફરી એકવાર વેલેન્ટાઈન્સ ડે આવી પહોંચ્યો છે પરંતુ તા. ૧૪મી ફેબ્રુઆરી ભારતવાસીઓ માટે એક ગોઝારી યાદ લઈને પણ આવી છે. કાશ્મીરમાં પુલવામાં ખાતે ઘાતકી આતંકી હુમલાને કારણે શહીદ થયેલા ૪૦ થી વધુ સીઆરપીએફના જવાનોની શહીદીની વરસી પણ છે. એક તરફ આમ પણ પહેલેથી પાશ્ચાત સંસ્કૃતિની દેન એવા વેલેન્ટાઈન્સ ડે ને કેટલાક જુથો દ્વારા ભારતીય સંસ્કૃતિ વિરૂદ્ધ ગણાવી તેની ઉજવણીનો વિરોધ વર્ષોથી કરવામાં આવી રહ્યો હતો તેવામાં હવે આ દિવસ આપણા જવાનો માટે કાળમુખો બની રહેતા વેલેન્ટાઈન્સ ડે તરફનો વિરોધ વધુ જોર પકડી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. આ સમયે ગાંધીનગર સમાચારે યુવા વર્ગ પાસેથી જાણવા પ્રયાસ કર્યો છે કે ખરેખર યુવાનો આ બાબતે શું વિચારી રહ્યાં છે.

●●●

''આપણો દેશ ઋષિમુનિઓનો દેશ હોવા સાથે તેના માટે અનેક ક્રાંતિકારીઓ અને વીર જવાનોએ શહાદત વ્હોરી છે અને આજે પણ આપણા દેશ માટે જવાનો ફના થઈ જાય



છે ત્યારે આપણે સુખ-શાંતિથી રહી શકીએ છીએ માટે આપણે વેલેન્ટાઈન ડે ઉજવવા જેવી સંકુચિત વિચારસરણીમાંથી બહાર આવીને આપણા પરિવાર સાથે મળીને વીર શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવી જોઈએ.''

- ભાર્ગવ પટેલ

●●●

''આજના દિવસે પુલવામાં ખાતે આપણા સૈનિકો પર થયેલો હુમલો એ ભુલી શકાય એમ નથી. આ ઘાતકી હુમલાને યાદ કરીને ઘણું દુઃખ થાય છે, પરંતુ 'વેલેન્ટાઈન્સ ડે' એ બે વ્યક્તિઓ જેઓ એક-



બીજાને પ્રેમ કરે છે તેમના માટે પ્રેમ અને ખુશી વ્યક્ત કરવાનો દિવસ છે તેની ઉજવણી કરવી તે કોઈ ખોટી બાબત તો નથી તેથી તેનો વિરોધ ન કરવો જોઈએ. આપણે એવું કરી શકીએ કે પ્રિયજન માટેનો પ્રેમ અને આપણા શહીદ વીર જવાનો પ્રત્યે આદર-માન-સન્માન બંને અલગ અલગ રીતે આ દિવસે વ્યક્ત કરી શકીએ.''

- નિશા જાની

●●●

''વેલેન્ટાઈન્સ ડે એ પશ્ચિમી સંસ્કૃતિ છે અને આપણે આપણી સંસ્કૃતિ છોડી અન્ય સંસ્કૃતિને



અપનાવવી જરૂરી નથી. હું તો આ ૧૪મી ફેબ્રુઆરીએ સૈનિકોના પરિવાર સાથે સમય વિતાવીશ કારણ કે જ્યારે એક જવાન શહીદ થાય છે ત્યારે તેની અંતિમયાત્રામાં કે શ્રદ્ધાંજલિ આપવા તો બધા જાય છે પરંતુ એ સૈનિક જ્યારે હયાત હોય છે ત્યારે કોઈ તેમની સાથે સમય વિતાવતુ નથી.''

- તેજસ પ્રજાપતિ

●●●

''આપણા દેશના વીર જવાનોએ આજના દિવસે આપેલી શહાદત વ્યર્થ ના જાય



એ માટે આપણે ખાસ કરીને યુવાનોએ અથાગ પરિશ્રમ કરી ભણી-ગણીને પોતપોતાના ક્ષેત્રોમાં શ્રેષ્ઠ દેખાવ કરી દેશનું નામ રોશન કરવાની જરૂર છે જે આ દિવસે આપણે આપણા શહીદવીર જવાનોને સાચા અર્થમાં આપેલી શ્રદ્ધાંજલિ ગણાશે.''

- ભૂમિ પટેલ

●●●

''પુલવામાં હુમલાની દર્દનાક ઘટનાએ આખા દેશમાં ગમગીની ફેલાવી હતી, આ ઘાતકી ઘટના અંગે વિચારૂ છું તો તેની ભયાનકતા યાદ આવતા કમકમી આવી જાય છે. શું આપણા યુવાનોએ વીર



જવાનોની શહાદતને ભુલી શકશે ? આપણે શહીદોને શ્રદ્ધાંજલિ આપવા રાષ્ટ્ર માટે ઉપયોગી પ્રવૃતિ કરવી જોઈએ. દેશ પ્રત્યે પ્રેમ અને સમર્પણ એજ આપણો ધર્મ છે અને આપણી પહેલી ફરજ આપણા દેશ માટે છે તે શીખ આપણી નવી પેઢીને આપવી જોઈએ. ''અગર મહોબ્બત નિભાની હૈ તો પહેલે અપને દેશ અપની મિટ્ટી સે નિભાઓ''

- તખસ્સુમ મલેક

●●●

''૧૪મી ફેબ્રુઆરી-૨૦૧૯નો દિવસ ભારતના ઈતિહાસમાં કાળા અક્ષરોથી



લખાશે જ્યારે આપણા સીઆરપીએફના બહાદુર જવાનો પર કાશ્મીરના પુલવામામાં ઘાતકી હુમલો થયો અને આપણા ૪૦ થી વધુ જવાનો શહીદ થઈ ગયા. આ ગોઝારા દિવસને એક વર્ષ પુરૂ થઈ રહ્યુ છે ત્યારે મેં અને મારા મિત્રોએ આ દિવસે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે નક્કી કર્યુ છે. પ્રભુ તેમના પરિવારને હિંમત આપે તેવી આપણે પ્રાર્થના કરીએ. જય જવાન - જય કિસાન.''

- દેવમ ત્રિવેદી

## ચિરવિદાય

- સ્વ. કાંતાબેન મણીલાલ વ્યાસ, ઉ.વ. ૯૦
- સ્વ. પૂંજાજી અભયજી ઠાકોર, ઉ.વ. ૬૨